# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૦૭/૦૧/૨૦૨૪

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# 'સીટેક્ષ એક્ષ્પો– ૨૦૨૪'ને જબરજસ્ત પ્રતિસાદ, બે દિવસમાં ૧૭ હજારથી વધુ બાયર્સ અને વિઝીટર્સે મુલાકાત લીધી

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત સીટેક્ષ એક્ષ્પોમાં સમગ્ર ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને આવરી લેતી અદ્યતન મશીનરીઓનું પ્રદર્શન થઇ રહયું છે

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટરના ઉપક્રમે તા. ૬, ૭ અને ૮ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સવારે ૧૦:૦૦થી સાંજે ૬:૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'સીટેક્ષ – સુરત ઈન્ટરનેશનલ ટેક્ષ્ટાઇલ એક્ષ્પો– ૨૦૨૪'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રદર્શનમાં ૧૦૦થી વધુ એકઝીબીટર્સ દ્વારા ટેક્ષ્ટાઇલ મશીનરી, ટેક્ષ્ટાઇલ એન્સીલરી અને મશીનરીઓ, એમ્બ્રોઇડરી એન્ડ બ્રીડીંગ મશીનરી તથા એસેસરીઝ, ટેક્ષ્ટાઇલ એન્જીનિયરીંગ, ટેકનિકલ ટેક્ષ્ટાઇલ સંબંધિત મશીનરીઓ, પોઝીશન અને ડિજીટલ પ્રિન્ટીંગ મશીન અને એસેસરીઝનું પ્રદર્શન કરવામાં આવી રહયું છે. દેશભરમાં બનતી તમામ પ્રકારની અદ્યતન ટેક્ષ્ટાઇલ મશીનરીઓનું પ્રદર્શન થતું હોવાથી જુદા–જુદા રાજ્યોના શહેરોમાંથી બાયર્સ એકઝીબીશનની મુલાકાતે આવી રહયા છે.

ગઇકાલે પ્રથમ દિવસે ૬૮૦૦ જેટલા બાયર્સ અને વિઝીટર્સે સીટેક્ષ એક્ષ્પોની મુલાકાત લીધી હતી. જ્યારે આજે બીજા દિવસે ૧૦૩૨૦ બાયર્સ અને વિઝીટર્સ આ પ્રદર્શનની મુલાકાતે આવ્યા હતા. આમ બે દિવસ દરમ્યાન કુલ ૧૭૧૨૦ જેટલા બાયર્સ અને વિઝીટર્સે સીટેક્ષ એક્ષ્પોની મુલાકાત લેતા તેનો બહોળો લાભ એકઝીબીટર્સ તેમજ સુરતની સમગ્ર ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને મળી રહેશે.

આ બે દિવસ દરમ્યાન દેશના વિવિધ શહેરો જેવા કે મેરઠ, ઠાણે, ભીવંડી, ગુડગાંવ, બોઇસર, આગ્રા, કોટા, અજમેર, ગાંધીધામ, સાંગલી, વારાણસી, કલકતા, મુંબઇ, હૈદરાબાદ, પાણીપત, બેંગ્લોર, રાજકોટ, અમદાવાદ, વડોદરા, જેતપુર, બેલગામ, બેલાગાવી, દિલ્હી, જોધપુર, બિજનોર, ચેન્નાઇ, સેલમ, પૂણે, કોલ્હાપુર, સોલાપુર, નાસિક, દાદરાનગર હવેલી, મથુરા, ખાંડવા, ઇરોડ, લુધિયાના, પાલી, જામનગર, આણંદ, પોરબંદર, કોટા, અંબરનાથ, ઇચ્છલકરંજી, મોરબી, ઔરંગાબાદ, અંકલેશ્વર, માલેગાંવ, કોડા કંડલા, ઉદયપુર, ગોંડલ, કલોલ, ધુળે, તિરૂપુર, બાલોતરા અને ઝાલોરથી વિઝીટર્સે સીટેક્ષ એકઝીબીશનની મુલાકાત લીધી હતી.

સીટેક્ષ એક્ષ્પોમાં મેડ ઇન જાપાન કલર કેલિબ્રેશન મોનીટર પ્રદર્શનમાં મુકવામાં આવ્યું છે. આ મોનિટરની ખાસિયત એ છે કે ફેબ્રિક ઉપર થતા ડિજીટલ પ્રિન્ટીંગમાં ૯૯ ટકા કલરનું રિઝલ્ટ મળે છે. મોટા ભાગે એવું બનતું હોય છે કે સામાન્ય મોનીટરમાં જે કલર દેખાય છે એના ૫૦ ટકા રિઝલ્ટ ફેબ્રિક પર મળે છે. જ્યારે રોબોટિક ટેકનોલોજીથી બનાવવામાં આવેલા આ મોનીટરમાં જે કલર દેખાય છે સેમ એવા કલર ફેબ્રિક ઉપર પ્રિન્ટ થાય છે. સુરતમાં હવે આ મોનીટરના ઉપયોગ માટે અવેરનેસ આવી રહી છે.